ગુજરાત ગાર્ડિયન

Surat 3 January, 2018

# ધરમપુરની શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલનું સ્વાસ્થ્ય ક્ષેત્રે નવું સોપાન, સી.ટી.સ્કેન મશીનનું ઉદઘાટન

## જટીલ રોગના નિદાન માટે દર્દીઓને હવે દૂર શહેરોમાં નહીં જવું પડે, કલેક્ટર સી.આર.પરસાણના હસ્તે અત્યાધુનિક મશીન ખુલ્લું મુકાયું

ધરમપુર,તા.૨

ભારતના ગ્રામ્ય વિસ્તારમાં, ખાસ કરીને અંતરિયાળ ભાગોમાં ગુણવત્તાભરી આરોગ્ય સેવાઓ પહોંચાડવી, એ એક મોટો પડકાર છે. દક્ષિણ ગુજરાતના ધરમપુર અને તેની આજુબાજુના પછાત આદિવાસી વિસ્તાર, કે જ્યાંની પ્રજા ગરીબ, અશિક્ષિત, કુપોષિત છે, તેમ જ આરોગ્યની મૂળભૂત જરૂરિયાત તરફ અજાગૃત છે ત્યાં લોકો યોગ્ય તબીબી સહાયના અભાવમાં ઘણીવાર ગંભીર બીમારીઓથી ગ્રસ્ત થાય છે.

આ પરિબળોને ધ્યાનમાં રાખી મહાત્મા ગાંધીજીના આધ્યાત્મક માર્ગદર્શક શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ ભક્ત અને શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના સંસ્થાપક ગુરુદેવ રાકેશભાઈના માર્ગદર્શન અને પ્રેરણા હેઠળ શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેર આ અભિયાન સમાજના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યશીલ છે. જેમાંની આરોગ્ય સેવા અંતર્ગત ધરમપુરમાં શ્રીમદ્ રાજચંદ્ર હાસ્પિટલની સ્થાપના કરવામાં આવી છે. અહીં ૭૫ બેડ(પથારી) છે અને વષરૂે સવા લાખથી વધુ લોકો અહીં સારવાર મેળવે છે. છેલ્લાં ૧૩ વર્ષથી અહીં પછાત વિસ્તારમાં ભાગ્યે જ મળતી હોય એવી અદ્યતન તબીબી સારવાર પૂરી પાડવામાં આવે છે.

શ્રીમદ્ રાજચંદ્ર હાસ્પિટલની રોગનિરોધથી લઈને રોગમુક્ત સુધીની સમગ્ર ગુણવત્તાભરી તબીબી સારવારની સરાહના કરતાં ગુજરાત સરકારે તેને વલસાડ જિલ્લાની ફર્સ્ટ રેફરલ યુનિટ (ૠ૬છ) તરીકે જાહેર કરી છે. પૂર્વ તપાસ દ્વારા રોગનિરોધ માટે કાર્યરત અહીંના ડિસ્ટ્રીGટ અર્લી ઈન્ટરવેન્શન સેન્ટરને ગુજરાત સરકારે ગુજરાતભરમાં પ્રથમ 'મોડેલ ડિસ્ટ્રીGટ અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર' તરીકે માન્યતા આપી છે. નિઓનૅટલ ઈન્ટેન્સીવ કેર યુનિટ, ચાઈલ્ડ માલ ન્યૂટ્રિશન ટ્રીટમેન્ટ સેન્ટર અને વિકલાંગ સેન્ટર વગેરે સર્વ સેવાઓ અહીં ખૂબ કટિબદ્ધતાપૂર્વક અપાઈ રહી છે. તબીબી કટોકટીના સમયે અપાતી સારવાર અને જટિલ સર્જરીઓ બદલ શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પટલને આઈએસઓ ૯૦૦૧:૨૦૧૫ સર્ટીફિકેશન એનાયત કરવામાં આવ્યું છે.

સારવાર સેવાઓનો વ્યાપ અને ધોરણ ઊંચું લાવવા હાસ્પિટલમાં સમયે સમયે નવા અને અત્યાધુનિક મશીનો વસાવવામાં આવે છે. જેમ કે સોનોગ્રાફી મશીન, હોમાર્રેન એનેલાઈઝર, બાયોકેમેસ્ટ્રી એનેલાઈઝર, વેન્ટીલેટર્સ, વોર્મર્સ, ૨૪ કલાક કાર્યરત એવી એક ઉચ્ચ કક્ષાની ઓટોમેટેડ માઈક્રોબાયોલોજી લેબોરેટરી વગેરે. આજે આરોગ્યસેવાઓના આ યજ્ઞમાં એક અત્યંત મહત્વનો ઉમેરો કરતાં પૂજ્ય ગુરુદેવ અને વલસાડના કલેકટર સી.આર.ખરસાણના એક અત્યાધુનિક, ખૂબ ઊંચા રીઝોલ્યુશનની સ્પષ્ટ ઈમેજા આપી શકતા સી.ટી.સ્કેન મશીનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધરમપુર નગરપાલિકાના પ્રમુખ સુમિત્રા ચૌધરી, વલસાડ જિલ્લાના ડીએસપી સુનિલ જાશી, ધરમપુર તાલુકાના ધારાસભ્ય અરવિંદ પટેલ, ભૂ. સાંસદ અને ધરમપુર તાલુકા કાંગ્રેસના પ્રેસીડન્ટ કિશન પટેલ, ધરમપુરના મામલતદાર આર.કે.માલવીશ, ધરમપુર નગરપાલિકાના મુખ્ય અધિકારી વિજય દેસાઈ, શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના પ્રમુખ અભય જસાણી, શ્રીમદ્ રાજચંદ્ર હાસ્પિટલના ખજાનચી વિજય રૂપાણી, શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના ટ્રસ્ટી મહેશ ખોખાણી, ડો ડી.સી. પટેલ તથા ધરમપુર તાલુકાના વરિષ્ઠ ડાકટર્સ અને ધરમપુરના અગ્રગણ્ય નાગરિકો પણ હાજર રહ્યા હતા. મિશનના સેક્રેટરી આત્માર્પિત મૌલિકજીએ સૌ માનવંતા મહેમાનોનો પરિચય કરાવ્યો હતો. આ પ્રસંગે કલેકટરશ્રીએ પોતાના વ્યક્તવ્યમાં પૂજ્ય ગુરુદેવનો આભાર માનતાં કહ્યું હતું કે આવા આંતરિયાળ વિસ્તારમાં સી.ટી.સ્કેન મશીન ઉપલબ્ધ કરાવવા બદલ અહીંના લોકો તેઓશ્રીના સદા ઋણી રહેશે. તેઓએ મિશનની અન્ય સેવા પ્રવૃત્તિઓની પણ સરાહના કરી હતી અને નૂતન હોસ્પટલના ખાતમુહૂર્ત બદલ પૂજ્ય ગુરુદેવને અભિનંદન પાઠવ્યા હતા. શ્રીમદ્ રાજચંદ્ર હાસ્પિટલ વિષે માહિતી આપતી એક લઘુફિલ્મ દર્શાવવામાં આવી હતી. ત્યારબાદ આત્માર્પિત મૌલિકજીએ સી.ટી.સ્કેન

### દ્વિતીય તબક્કામાં મેડિકલ કોલેજ શરૂ કરાશે

આ પ્રસંગે બાળદર્દીઓ માટે એક નવા પેડિયાટ્રીક વાર્ડનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. સમયાંતરે આવી અનેક સુવિધાઓ શરૂ કરવા છતાં આવી આધુનિક સ્વાસ્થ્યસંભાળ સુવિધાની માંગ આ વિસ્તારમાં એટલી વધારે છે કે વર્ષના ૩૬૫ દિવસો અહોરાત્ર દર્દીઓની સારવાર કરવા છતાં બધા જરૂરિયાતમંદ લોકોને સારવાર આપી શકાતી નથી. હાલની બેડની સંખ્યા કરતાં ૧૩૦-૧૪૦ ટકા દર્દીઓને સમાવવામાં આવે છે. આથી હાલમાં જ નૂતન શ્રીમદ્ રાજચંદ્ર હાસ્પિટલના સંકુલની ખાતમુહૂર્ત વિધિ ગુરુદેવ, મોરારિ બાપુ અને અન્ય સંતોની પાવન ઉપિસ્થતિમાં કરવામાં આવી હતી. આ પરિયોજના આઠ એકરની જમીન પર વિકસિત કરવામાં આવશે જેમાં દર વષરૂે ૯૫,૦૦૦ દર્દીઓનો હાસ્પિટલસંકુલની અંદર અને ૧,૫૦,૦૦૦ લોકોનો આઉટરીચ પ્રોગ્રામ દ્વારા નિ:શુલ્ક અથવા મામૂલી દરે ઈલાજ થઈ શકશે. પ્રથમ તબક્કામાં ૨૫૦ પલંગની ક્ષમતા તથા મિલ્ટ-સ્પેશિઆલિટી સુવિધાઓ શરૂ કરવામાં આવશે અને દ્વિતિય તબક્કામાં ૧૦૦ પલંગનો ઉમેરો તથા મેડિકલ કોલેજ શરૂ કરવામાં આવશે. આટલા મોટા પાયા પર આ સારવાર સુવિધાઓ આપવાનો હેતુ આ વિસ્તારના દર્દીઓને ઉત્તમ સારવાર આપી રોગમુક્ત બનાવવાનો છે.